# Gujarati Alphabet Stories

ક ખ ગ ઘ ઙ

ચ છ જ ઝ ઞ

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન

પ ફ બ ભ મ

ય ર લ વ શ

ષ સ હ ળ ક્ષ જ્ઞ

Consonants

અ આ ઇ ઈ ઉ ઊ

ઋ એ ઐ ઓ ઔ અં અઃ


Vowels

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯

Numbers

# ક શિવ ભગવાન અને કાચબો ક

એક દિવસ શિવ ભગવાન જંગલમાં બધા પ્રાણીઓને મળવા આવ્યા. બધાં પ્રાણીઓ ખુશીથી ભેગા થયા. તેઓએ એક કાર્યક્રમ રાખવાનું નક્કી કર્યું. શિવ ભગવાને આસન લીધું પછી દરેક પ્રાણી પોતાની કુશળતા બતાવવા મંચ ઉપર આવ્યા. સિંહ એવા બળથી ગર્જ્યો કે ઝાડ ધ્રુજવા લાગ્યા. વાંદર ઝાડની ડાળી પકડી ઝડપથી ઝૂલ્યો. હાથીએ જોરથી તેના પગ પછાડ્યા કે જમીન ધ્રુજવા માંડી. આટલાં બધા પરાક્રમો છતાં શિવ હસ્યા નહીં. તેમને માત્ર શાંતિથી જોયું. છેવટે, નાનો કાચબો શિવની સામે આવ્યો. તેને જોઈને બીજા બધા પ્રાણીઓ હસી પડ્યાં. આ નાનો કાચબો શું કરી શકવાનો છે? બધા તેની મજાક કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અહીં આપણી કુશળતા બતાવાની છે, તારી પાસે એવુ કઈ છે જ નહિ જે શિવને પ્રભાવિત કરે. તેઓએ સડેલુ ફળ કાચબા પર ફેંકવાનું શરૂ કર્યું. કાચબાએ કશું કહ્યું નહીં, માત્ર તેની પીઠના કવચમા પોતાના હાથ મોઢું અને પગને સંતાડી દીધા અને શાંતિથી રાહ જોતો મંચ ઉપર બેઠો. આ જોઈને શિવ હસી પડ્યા અને કાચબાને પ્રોત્સાહિત કરવા તાળીઓ પાડવા લાગ્યા. અન્ય પ્રાણીઓ આ જોઈ આશ્ચર્યચકિત થયા કે આ નાના કાચબાથી શિવ કેમ પ્રભાવિત થયા? શિવે સમજાવ્યું કે કાચબાએ પોતાની ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખવાની મહત્વની વાત, પોતાની કૃતિથી યાદ કરાવી તેથી હું ખુશ થયો. ત્યારથી શિવ ભગવાનના મંદિરોમાં હંમેશા એક કાચબા જોવા મળે છે.




**<u>ભગવાન શિવના હૃદયમાં કાચબા માટે એક વિશેષ સ્થાન છે. જ્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેણે કોઈ પ્રતિકાર કર્યો નહીં.આમ તે સ્થિતપ્રજ્ઞ નુ પ્રતિક છે.</u>**

ક કાચબો ક

ખ રામ ભગવાન અને ખિસકોલી ખ

સીતાને રાવણ ઉપાડી ગયો હતો ત્યારે સીતાને બચાવવાની રામ તૈયારી કરતા હતા. સુગ્રીવની સેનાને શોધ કરતા ખબર પડી કે સીતા લંકામાં હતી. હનુમાને સીતાને વાત કરી કે , "માં હું તમને ઉપાડીને રામ પાસે લઇ જાઉં. "પણ સીતાએ હનુમાન સાથે જવાની ના પાડી અને કહ્યુ કે મને વિશ્વાસ છે કે મારા રામ મને બચાવશે. રામ લંકા જવા તૈયાર થયા પણ સવાલ હતો કે સમુદ્રને



કેવી રીતે પાર કરવો? ત્યારે સુગ્રીવ અને તેની વાનરસેના તેમની મદદે આવ્યા. વાનરો ઉત્સાહથી પથ્થરોનો પુલ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યા હતા જેથી રામની સેના લંકા પહોંચી શકે. રામ એક દિવસ સમુદ્ર કિનારે ચાલતા હતા ત્યારે તેમને કેટલીક નાની ખિસકોલી ઓને રમતા જોઈ. ખિસકોલી તેમના કામમાં એટલી ડૂબી હતી કે તેમને રામ ભગવાન જુવે છે તે પણ ખબર ન પડી! ખિસકોલીઓ માટી મુઠ્ઠીમાં પકડીને પુલ તરફ જઈ રહી હતી. રામ એમની પાછળ ગયા.જ્યારે તેઓ પુલ પર પહોંચ્યા, ત્યારે ખિસકોલી પુલ ઉપર બે પથ્થરની વચ્ચે માટી મૂકીને પથ્થરનો સાંધો મજબૂત કરી, પછી વધુ માટી મેળવવા પાછા કાંઠે દોડી જાતા જોઈ. ખિસકોલીઓ ના કપાળે તાપમાં પરસેવો વહી રહ્યો હતો. પુલ બનાવતા કેટલાક વાંદરાઓએ ખિસકોલી ઓને તેમના કામમાં મગ્ન જોઈ. તેઓએ હસીને ખિસકોલી ઓને બોલાવીને કહ્યુ "તમે બધા નાના છો! જો તમે મદદ નહીં કરો તો તે પણ ઠીક છે. તમે આરામ કરો. અમે પુલ બનાવી દઈશું." પરંતુ ખિસકોલીઓ લગનથી કામ કરતા જવાબ આપ્યો." અમે નાના છીએ, પરંતુ અમે પણ અમારા ભાગનુ કામ અવશ્ય કરીશું!" તેમના સમર્પણની પ્રશંસા કરતા રામ હસ્યાં.

**<u>નાના પ્રાણીઓ પણ, ખિસકોલીની જેમ, ભગવાનના કાર્યમાં સહાયક બની શકે છે.</u>**

ખ ખિસકોલી ખ

# કાર્તિકેય અને ગણપતિ

કાર્તિકેય ગણપતિના મોટા ભાઈ હતા. તે બળવાન હતા અને ઝડપી હતા. એક દિવસ, બંને ભાઈ કેરી ખાવા માંગતા હતા. પરંતુ એક જ કેરી બાકી હતી અને બંને ભાઈને આખી કેરી જોઈતી હતી. આ સમસ્યાનો ઉકેલ માટે કાર્તિકેયે હરીફાઈનો સુઝાવ મુક્યો કે બંને માંથી જે આખી દૂનિયાની ત્રણ




વખત પ્રદક્ષિણામાં પહેલો આવશે, તે જીતશે અને કેરી ખાઈ શકશે. બંને ભાઈઓ સહમત થયા અને "એક, બે, ત્રણ" બોલીને હરીફાઈ શરુ કરી. કાર્તિકેય તો ઉતાવળે દોડવા મંડ્યા. તે એટલી ઝડપથી દોડી ગયા કે સેકંડમાં જ તે ગાયબ થઈ ગયા. ભારે શરીરને કારણે માંડ માંડ એક પગલું આગળ વધતા ગણપતિ જાણતા હતા કે તે સૌથી ઝડપી નથા, પરંતુ તે ઘણા હોંશિયાર હતા. તેમને બે ખુરશીઓ મૂકીને પોતાના માતાપિતા શિવ અને પાર્વતીને ખુરશીમાં બેસાડ્યા અને ત્રણ વાર પ્રદક્ષિણા કરી. બીજી બાજુ પોતાની પહેલી પ્રદક્ષિણા પુરી કરી કાર્તિકેય આવ્યા ત્યારે ગણપતિને આરામથી કેરી ખાતા જોયા. કાર્તિકેયને આશ્ચર્ય થયું! ગણપતિ કેવી રીતે સ્પર્ધા જીતી શક્યા? ગણપતિએ હસીને સમજાવ્યું. " આપણા માતાપિતા જ મારી દુનિયા છે. મેં તેમની ત્રણ વખત પરિક્રમા કરી અને હું જીતી ગયો!" આ રીતે, ગણપતિએ પ્રેમ અને ચતુરાઈ દ્વારા સ્પર્ધા જીતી!

**ગણપતિ તેમની ચતુરાઈ દ્વારા અને પોતાના માતાપિતા પ્રત્યેના ભાવ નુ પ્રદર્શન કરીને સફળ થયા.**

ધ ધ

# સિંહનું બાળક

એક વાર સિંહનું બચ્ચુ ભૂલ્યું પડ્યું અને મા બાપ થી દૂર થયું. સદ્દભાગ્યે, એક ઘેટાએ તેનું પોતાના દીકરા ની જેમ ધ્યાન રાખવા માંડ્યું. સિંહનું બચ્ચુ પોતાની ઓળખ ભૂલી, તે પણ ઘેટું જ છે એમ સમજીને મોટું થયો. તે રોજ બીજા ઘેટાં સાથે ખેતરમાં દોડે અને ઘાસ ખાય. તે ભૂલી ગયો કે પોતે સિંહ નું બાળક છે. એક દિવસ, બધા ઘેટા અને સિંહ પાણી પીવા તળાવ પાસે ગયા. તે બધા રમતા રમતા મઝા કરતા હતા ત્યા અચાનક તેમને એક મોટી ગર્જના સાંભળી. તેમણે પાછા વળીને જોયું કે એક મોટો સિંહ તેમની તરફ દોડીને આવતો હતો. બધા ઘેટાં તરત જ ભાગી ગયા. સિંહનું બચ્ચુ પણ દોડવા મંડ્યો ત્યારે મોટા સિંહે તેને રોક્યો અને





પૂછ્યું, " તુ મારાથી કેમ ભાગી રહ્યો છો?" બચ્ચાએ જવાબ આપ્યો, " કારણકે તમે સિંહ છો! મને જાન બચાવા દોડવુંજ પડે ને? મારા ભાઈઓ પણ તેથીજ ભાગી ગયા." મોટા સિંહે હસીને કહ્યું, "તુ આવ મારી સાથે. હું તને કશુક બતાવું" તે બચ્ચાને તળાવ પાસે લઇ ગયો અને કહ્યું, "અંદર તારુ પ્રતિબિંબ જો." બચ્ચાએ પાણીમાં પોતાનુ પ્રતિબિંબ જોયું અને ડર થી એક બે પગલા પાછો વાળ્યો. સિંહ એ બચ્ચાને સમજાવ્યું, "તું પણ મારા જેવો સિંહ જ છે! તારે મારાથી ડરવાનું કારણ નથી! તુ રાજા બનવા માટે જન્મ્યો છો! માથું ઊંચું રાખીને ચાલ અને પોતાને ઓળખ!" ત્યાર થી બાળક સિંહ આત્મવિશ્વાસ સાથે મોટા સિંહની સાથે ગૌરવથી ચાલવા માંડ્યો.

**<u>ભૂલશો નહીં, તમે સિંહના બાળક છો</u>**

ધ ઘેટું ધ

ચ ચ

# રામ અને ચંદ્ર

એક દિવસ, બાળરામ રાત્રે બહાર રમતા હતા અને કૌશલ્યા માતા પ્રેમથી તેમને નિહાળતા હતા. બાળરામ આકાશ તરફ ઉત્સુકતાથી જોતા હતા અને સ્મિત કરતા હતા કૌશલ્યાએ જોયું કે રામ આકાશ તરફ ઊંચા હાથ કરી કશુક લેવાનો પ્રયત્ન કરતા હતા. માતા કૌશલ્યએ ઉપર જોયું તો એક તેજસ્વી ચમકતો ચંદ્ર દેખાયો. બાળરામ તેને પકડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા! કૌશલ્યાએ બાળરામ ને જુદા જુદા રમકડાં તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો પણ રામ મક્કમ રહી ચંદ્રને પકડવાનો પ્રયત્ન કરતા રહયા. અંતે માતા કૌશલ્યાએ એક યુક્તિ કરી. તેમને એક થાળીમાં પાણી ભરી પછી રામને ખોળામાં બેસાડ્યા. જ્યારે બાળરામે થાળીમાં જોયું તો પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાયું! રામે ખુશ થઇ પાણીમાં હાથ નાખી પ્રતિબિંબ ચંદ્રને પકડી રમવા માંડ્યું. આમ માતા કૌશલ્યા પોતાના પુત્ર પ્રેમ માટે ચંદ્રને પૃથ્વી પર લાવવા સક્ષમ બન્યા!



**<u>વિશ્વાસ અને પ્રેમ થી તમે ચંદ્રને પણ સ્પર્શ કરી શકો છો</u>**

ચ ચંદ્ર ચ

# છોકરી અને છત્રી

૬૭

એક વાર એક નાના ગામમાં દુકાળ પડ્યો. ગામના લોકો ખૂબ હેરાન થયા અને ભૂખે મરવા લાગ્યા. નજીકમાં વહેતી નદી પણ સુકાઈ ગઈ અને પાણીના અભાવે ઝાડ અને છોડ મરવા લાગ્યા. એક સંતે કહ્યું કે આપણે સાથે મળીને પ્રભુને વિંનતી કરીશું તો એ જરૂર અપણને મદદ



કરશે. ગામ લોકોએ પ્રાર્થના કરવા માટે ભેગા થવાનું નક્કી કર્યું. એક પછી એક બધા લોકો આવ્યા અને પ્રાર્થના શરુ કરી. બે ત્રણ કલાક ગયા તો પણ વરસાદ ન પડ્યો. બધા નિરાશ થઇ કહે કે ભગવાન અપણી પ્રાર્થના કેમ સંભાળતા નથી? ત્યાં એક નાની છોકરી દોડતી દોડતી આવી. એની હાથમાં એક છત્રી હતી. તેણે બધાને પૂછ્યું, “આપણે બધા વરસાદ માટે પ્રાર્થના કરવા ભેગા થયા છીએ, તો આપણને વિશ્વાસ હોવો જોઇએ કે વરસાદ પડશે!” તમારી બધાની છત્રી ક્યાં છે? મને છત્રી શોધવામાં વાર થઇ તેથી હું મોડીં પડી.” આમ કહી તે છોકરી બધા સાથે પ્રાર્થનામાં જોડાઈ. ત્યાં એક નાનું પાણીનું ટિપકું એના ગાલ ઉપર પડ્યું. બધા લોકો પોતાની ભૂલ સમજ્યા અને પોતાની છત્રી લેવા ઘરે ગયા.

**<u>પ્રયત્ન કરો અને તમારી પ્રાર્થનામાં વિશ્વાસ રાખો</u>**

# હનુમાન અને જામ્બવાન

રાવણ સીતાને ઉપાડી ગયો હતો તે કારણે રામ ખૂબ દુઃખી હતા. સુગ્રીવની વાનરસેનાને જાસૂસ પાસેથી જાણવા મળ્યું કે સીતાને રાવણ દ્વારા લંકામાં કેદ કરવામાં આવી છે. પરંતુ લંકા સમુદ્ર પાર કરીને જવું પડે અને તે જમાના મા વહાણમાં બહુ વાર લાગતી હતી. સીતાને શોધવા માટે કોઈ ને લંકા જવાની અને સીતાની માહિતી પાકી કરવાની જરૂર હતી. બધા વાનરોએ નક્કી કર્યું કે આપણા માંથી જે સૌથી લાંબો કૂદકો મારે તે સીતાને શોધવા લંકા જશું. યુવરાજ અંગદે પહેલો



પ્રયત્ન કર્યો પણ તેનો કૂદકો જરાક ટૂંકો પડ્યો. એક પછી એક, દરેક વાંદરાએ પ્રયાસ કર્યો પણ કોઈ સફળ ના થયું. હનુમાન ચુપચાપ જોઈ રહ્યા હતા. બધા ચિંતામાં પડ્યા કે હવે કેવી રીતે સીતાની માહિતી પાકી કરશે? ત્યારે જામ્બવાન મદદે આવ્યા. તે હનુમાન પાસે ગયા અને હનુમાનને કહ્યું કે તમે વાયુ ના દીકરા છો. તમારી અંદર ખૂબ શક્તિ છે. માત્ર તમને તમારી શક્તિ ની વિસ્મૃતિ થઇ છે. તમે ધારો તો સરળતાથી કૂદકો મારી ને લંકા પહોંચી શકો છો. નાનપણમાં પણ એકવાર તમે કૂદકો મારી ને છેક  સૂર્ય સુધી પોહોંચીને તેને ફળની જેમ ખાવાનો પ્રયત્ન કરેલો. આ સાંભળીને હનુમાન આત્મવિશ્વાસથી ઉભા થયા અને સરળતાથી સહુ થી લાંબો કૂદકો મારી શક્યા. પાછા આવીને નમ્રતાથી જામ્બવાનને નમસ્કાર કર્યા અને કહ્યું કે મને મારી શક્તિની યાદ અપાવવા બદલ આભાર. હું અવશ્ય સીતાની માહિતીની ખાતરી કરવા લંકા જઈશ અને ભગવાન રામના કાર્યમાં સાધન બનીશ. હનુમાન રામને નમસ્કાર કરી પોતાની યાત્રા માટેની તૈયારી કરવા માં લાગી ગયા.

**<u>સાચો મિત્ર કોણ? જે આપણી શક્તિ અને મહાનતાની યાદ અપાવે તે</u>**

# માણસ અને ઝાડ

એક મુસાફર એકલો ઉનાળામાં રણમાંથી પસાર થઈ રહ્યો હતો. તે ભૂખ્યો, તરસ્યો, ગરમીથી થાકેલો હતો. સદ્દભાગ્યે, દૂર એક ઝાડ દેખાયું. ખુશ થતો તે ઝાડ પાસે પહોંચ્યો અને ઝાડના




છાયડામાં આરામ કરતા તેની આંખ મળી ગઈ. ઉઠીને તેણે વિચાર્યું કે, “કાશ! મને પીવા માટે ઠંડુ પાણી મળે” અને અચાનક તેની સામે ઠંડુ પાણીનો મોટો પ્યાલો આવ્યો. તેને આશ્ચર્ય થયું! તેણે ઝડપથી પાણી પીધું. પછી વિચાર્યું, "મને ભૂખ લાગી છે, જો સરસ મજાનો શીરો મળે તો મઝા પડે.” ત્યાંજ ગરમ શીરાનો વાડકો તેની સામે આવ્યો! તે બહુ ખુશ થયો. હવે તેણે સુવા માટે પલંગની ઈચ્છા કરી અને તરત જ ખાટલો દેખાયો. પછી તેણે વિચાર્યું,” અત્યારે હું ખૂબ ખુશ છું, પણ જો અચાનક ભૂખ્યો સિંહ આવે તો મને ચોક્કસ ખાઈ લે!” આ વિચારતાની સાથે જ એક મોટો સિંહ આવ્યો અને માણસને હડપી ગયો. હવે આપણે પણ વિચારવાનું કે આપણે શેખચલ્લી જેવા વિચાર તો નથી કરતા ને ? સંભવતઃ ક્યારેક આપણે જે માંગીયે તે ભગવાન આપે પણ ખરા!

**<u>તમે જે ઇચ્છા કરો તે વિવેક થી કરો, કારણ કે ભગવાન કદાચ તે પુરી પણ કરે</u>**

ટ ટ

# ગોવર્ધન પૂજા

ગોકુલવાસીઓ દેવોથી ડરતા તેથી ઇન્દ્રપૂજા માટે તૈયારી કરતા હતા. પૂજાની તૈયારીઓના કારણે, તેમને ખેતરના પાક અને પશુઓની સંભાળ લેવાનો પણ સમય ન મળતો. બાળકૃષ્ણને લાગ્યું કે આ ખોટું છે. પૂજા ડરથી નહિ, પણ ભાવથી કરવાની હોય. તેમને બધાને ભેગા કર્યા અને સમજાવ્યું કે “ગોકુલના લોકો ગાયપાલક અને ખેડુત છે, તેથી આપણો ધર્મ આપણા પશુ અને પાકને સંભાળવામાં છે. સ્થાનિક ગોવર્ધન પર્વત આપણી માટે પવિત્ર છે. તે ગામના લોકોને કેટલું બધું ના માંગતા આપે છે! ફળ, ફૂલ, ઝાડ, પાણી, બધું આ પર્વતના કારણે મળે છે. તો આપણે



ગોવર્ધનનું પૂજન કરવું જોઈએ કૃષ્ણ નાના હતા પણ તે સમજદાર હતા. નાનપણમાં પણ, તેમની પાસે લોકોની માન્યતા બદલવાની કુશળતા હતી! ગોકુલના લોકો કૃષ્ણની કોઠાસૂઝની વાત માની ગયા અને ગોવર્ધનનું પૂજન કરવાની તૈયારી કરવા લાગ્યા. ઇન્દ્ર આ જોઈને ગુસ્સે થયા. તેમને એક મોટું તોફાન મોકલ્યું જેથી આખું ગામ વાવાઝોડું અને વરસાદથી હેરાન પરેશાન થઇ ગયું. યમુના બે તીરે થઇ અને પૂર આવવાથી લોકો ભયભીત થઇ ગયા. બધા કૃષ્ણ પાસે સલાહ માંગવા ગયા તો કૃષ્ણ બધાને આશ્વાસન આપ્યું અને ગામેને બચાવવા માટે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઉપાડ્યું અને બધાને તેની નીચે આશ્રય આપ્યો. પર્વત ઉચકવા માટે ગામના લોકો પણ પોતાની લાકડીથી કૃષ્ણને ટેકો આપવા લાગ્યા. તેમનું કર્તૃત્વ અને એકતા જોઈ આખરે ઇન્દ્રને તેની ભૂલનો અહેસાસ થયો અને ગામના લોકોને અમસ્તા હેરાન કરવાનો પ્રયાસ બંધ કર્યો.

**અનુયાયી ન બનો, નેતા બનો**

ટ ટ

ટચલી

# બ્રાહ્મણ અને ત્રણ ઠગ



એક બ્રાહ્મણને કોઈની ખોવાયેલી બકરી મળી તો ખુશ થતા તે બજાર તરફ જતો હતો. આ જોઈ વનમાં છુપાયેલા ત્રણ ઠગે બ્રાહ્મણને છેતરવાનું નક્કી કર્યું. પેહલો ઠગ રસ્તા ઉપર આવીને બ્રાહ્મણને કહે "નમસ્કાર! તમે કેમ આ જાડા કુતરાને લઈને જાઓ છો?" બ્રાહ્મણએ ગુસ્સાથી કહ્યું,"તમારી પાસે આંખ નથી? આ બકરી છે!" તેમ કહીને તે આગળ ચાલ્યો.

ત્યાં બીજો ઠગ આવ્યો અને પૂછ્યું, "નમસ્કાર! તમે કેમ આ ભૂંડને લઈને ચાલો છો?" બ્રાહ્મણના મનમાં હવે થોડી શંકા આવી, પણ હિચકિચાટથી જવાબ આપ્યો "આ તો બકરી છે," અને આગળ ચાલ્યો. આખરે ત્રીજો ઠગ આવ્યો અને બ્રાહ્મણને કહે "અરે તમે કેમ આ ગધેડાને લઈને ચાલો છો? બધા તમારા ઉપર હસશે!" હવે બ્રાહ્મણ સાચે શંકાસ્પદ બન્યો અને વિચારવા લાગ્યો કે ત્રણે માણસો ખોટા ના હોય. આમ વિચારીને તે બકરીને રસ્તા ઉપર છોડીને ઘર તરફ ભાગ્યો. અને ત્રણએ ઠગ હસીને, ભેગા મળીને, બકરીને પકડી ખુશ થતા બજાર તરફ ચાલ્યા.


**લોકો શું કહે છે તેની ચિંતા કરશો નહીં, તમારા જાત ઉપર વિશ્વાસ રાખો**

ડ

# શિવનું ડમરુ

ડ

ગામલોકો ઉપર ઇન્દ્રદેવ એકવાર નજીવા કારણસર ગુસ્સે થયા અને તેમણે નક્કી કર્યું કે આ ગામમાં બાર વર્ષ વરસાદ નહિ પાડે. તેના કારણે ગામમાં ભારે દુકાળ પડ્યો. ગામના લોકો પોતાની ભૂલ કાબૂલીને ઇન્દ્રને વિનંતી કરવા ગયા કે તમે વરસાદ મોકલો. અહીં ઇન્દ્રદેવને પોતાના બળની મસ્તી ચડેલી તેથી ગામલોકોને કહ્યું કે,"મારાથી હવે  કાંઈ ના થાય પણ જો શંકર ભગવાન ડમરુ વગાડશે તો વરસાદ વહેલો આવશે." જો કે છલ કરીને ઇન્દ્રે શિવ ભગવાન સાથે અગાઉથી કરાર કરેલો કે શિવ ભગવાન બાર વર્ષ માટે ડમરુ નહિ વગાડે! ગામલોકોએ હવે આદ્રતાથી શિવ ભગવાનને પ્રાર્થના કરી ત્યારે શિવ ભગવાને



જવાબ આપ્યો," બાર વરસ સુધી હું કશું ના કરી શકું કારણકે મેં ઇન્દ્રને વચન આપ્યું છે  મહિનાઓ પસાર થયા અને ગામના લોકોએ વરસાદના અભાવે પોતાના ખેતર ખેડવાના બંધ કર્યા . અહીં એક જ પરિવાર એવો હતો જે હજી પણ પોતાનું ખેતર નિયમિતતાથી ખેડતૂ હતું. જો વરસાદ પડે તે પોતાનું ખેતર તેમને તૈયાર રાખવું હતું અને ખેતી નો કારોબાર ભૂલવો ન હતો. પાર્વતીમાતા આ કુટુંબની મહેનત ફોકટ જતી જોઈ દુઃખી થયા અને તેમને દયા આવી. પાર્વતીએ શિવને વિનંતી કરી કે તે ડમરુ વગાડે, પણ શિવ ભગવાને કહ્યું કે, "મેં ઇન્દ્રને બાર વર્ષ સુધી ડમરુ ન વગાડવાનું વચન આપ્યું છે." પાર્વતીમાતાએ યુક્તિથી શિવ ભગવાનને  કહ્યું," આ કુટુંબ રોજ ખેતર ખેડે છે જેથી તે હળ ચલાવવાનું ભૂલી જાય નહિ.  તમે આખા વર્ષ થી ડમરુ નથી વગાડ્યું અને બીજા અગિયાર વર્ષ સુધી જો ડમરુ ના વગાડો તો તમે પણ ડમરુ વગાડવાનું ભૂલી જશો, એવું મને લાગે છે."શિવ ભગવાને જવાબ આપ્યો , " હું તો નહિ ભૂલું!" પાર્વતીએ કહ્યું, "એમ? તો મને એક વાર ડમરુ વગાડી ને બતાવો તો માનું." શિવે ડમરુ હલાવી ને કીધું, "તું સાંભળ! મને હજુ એટલું જ સરસ વગાડતા આવડે છે!" અને ડમરુ વગાડ્યું. ડમરાનો આવાજ થતાં જ ગામમાં વરસાદ પડ્યો!

**<u>સાતત્યતા થી કામ કરો તો ઈશ્વર પણ પીગળે</u>**

ડ




ડ

# કાગડો અને મોર

એક કાગડો પોતાના રંગરૂપથી દુઃખી હતો. તે બાજુમાં વસતા રંગબેરંગી મોર ને જોઈને ઈચ્છતો હતો કે તે પણ મોર જેવો સુંદર બને. એક દિવસ તે ઘર તરફ જતો હતો ત્યાં મોરના ખરેલા પીંછા મળ્યા. કાગડાએ ખુશ થઇ પીંછા લઈને માથે અને શરીરે




ચોંટાડ્યા અને ઢોંગ કરીને મોર બની રહેવા માંડ્યું. એક દિવસ અચાનક વરસાદ પડ્યો અને પાણીમાં પલળવાથી બધા પીંછા પડી ગયા. મોરે જોયું કે આ તો ઢોંગી કાગડો હતો! મોરે કાગડાને પૂછ્યું,



"તેં આવો ઢોંગ કેમ કર્યો? કાગડાએ શરમ થી માથું નમાવીને કહ્યું, "મને તમારી જેમ સુંદર બનવું હતું, તેથી પીંછા ચોંટાડીને હું મોર બનવાનો ઢોંગ કરતો હતો. મને માફ કરો." મોરે હસીને કહ્યું, "તમે સાચી વાત કહી કે મારા પીંછા ખૂબ સુંદર છે પણ મારાથી દૂર સુધી ઉડી શકાતું નથી કારણકે મારા પીંછા ભારે છે. તું ભાગ્યશાળી છે કે તું દૂર સુધી ઉડીને ભગવાનનું આખું વિશાળ વિશ્વ જોઈ શકે છે. જે મળ્યું તેમાં જ સંતોષ માનવો, તો જ તું ખુશ રહીશ." કાગડો સમજી ગયો અને મોર ના પીંછા ત્યાં મૂકી આકાશ માં ઉડવા લાગ્યો.

**<u>જે મળે તેમાં સંતોષ રાખવો</u>**

## અર્જુનનો અભ્યાસ



એક વાર આચાર્યદ્રોણ રાત્રે તારા જોતા, નીરવ શાંતિ માણી રહ્યા હતા; ત્યાં અચાનક સરરર એવો બાણનો અવાજ સાંભળ્યો. આચાર્ય વિચારમાં પડ્યા કે આટલા અંધારામા કોણ બાણ છોડે છે? આકાશમાં અમાસ હોવાથી ચંદ્રનો પ્રકાશ પણ નથી. આચાર્યએ પૂછ્યું કે "કોણ છે?" પાછો જવાબ આવ્યો કે "ઋષિ, હું છું, અર્જુન!" અને પછી અર્જુન દ્રોણાચાર્યને નમસ્કાર કરવા નજીક આવ્યો. ગુરુ દ્રોણ આશ્ચર્યથી પૂછ્યું," કેમ આટલા અંધારામા બાણવિદ્યા અજમાવી રહ્યા છો?" તો અર્જુને જવાબ આપ્યો કે "આજે સાંજે ભીમ દિવાના પ્રકાશમાં ભોજન કરતો હતો. આચાનક હવાના કારણે દીવો બુઝાઇ ગયો. તોપણ ભીમ અંધારામાં ખાતો રહ્યો જાણે કંઇ થયું ન હોય. મને લાગ્યું કે જો ભીમ અંધારામાં જમી શકે, તો હું પણ અંધારામાં ધનુષ્ય સંધાન કેમ ના કરી શકું?" દ્રોણાચાર્ય હસીને કહ્યું" અર્જુન તારો આ ઉત્સાહ અને મહેનત મને દંગ કરે છે! પ્રભુ ચોક્કસ તારી મેહનતનું ફળ આપશે."

**<u>પૂર્ણતા પામવા માટે અભ્યાસની જરૂરી છે</u>**

ણ

બાણ

ત ત

# તારા માછલી

એકવાર એક વૃદ્ધ માણસ દરિયા કિનારે ચાલતો હતો. તેને જોયું કે હજારોની સંખ્યામાં તારા માછલીઓ ભરતીમાં દરિયા કિનારે ફેંકાઈને, હવે ઓટ આવતા રેતીમાં ફસાઈ ગઈ



હતી.સવારે  ચાલવા ગયેલા વૃદ્ધે જોયું કે એક છોકરો રેતીમાંથી કશુંક ઉપાડીને પાણીમાં ફેંકતો હતો. વૃદ્ધ માણસે જિજ્ઞાસાથી છોકરાને પૂછ્યું, “બેટા, શું કરો છો? છોકરાએ જવાબ આપ્યો,” હું આ તારા માછલીને પાછી પાણીમાં ફેકુ છું જેથી તે મરી ના જાય.” વૃદ્ધ માણસે હસીને કહ્યું,”  શા માટે તારો સમય બગાડે છે? કારણકે અહીં હજારો માછલી કિનારે પડી છે તેમાંથી તું એકને દરિયામાં ફેંકીશ, તો કોઈ ફરક નથી પાડવાનો.” છોકરાએ નીચે નમીને તારા માછલી ઉપાડી પાણીમાં ફેંકી અને પછી આદરથી જવાબ આપ્યો કે “આ માછલી ને ચોક્કસ ફરક પડ્યો.”


**<u>સમજી ને કરેલ દરેક કૃત્ય નું મહત્વ છે</u>**

ત ત

તારા

થ થોમસ એડિસન થ

થોમસ એડિસન મોટા વૈજ્ઞાનિક હતા. એક દિવસ પ્રયોગશળામાં મોડા સુધી કામ કર્યા બાદ હજુ ઘરે પહોંચ્યા કે ખબર મળી કે મકાનમાં આગ લાગી છે. તરત તે પાછા વળ્યાં અને નજીક પહોંચતા જોયું કે અગ્નિશામક વાહન પ્રયોગશળા પાસે ઉભું હતું.તેમના પ્રયોગશાળાનું મકાન ભડકે




બળતું હતું અને આખી દસ મળીની ઇમારત આગમાં રાખ થઇ રહી હતી.આ જોઈને થોમસના છોકરાને આઘાત લાગ્યો. વર્ષોની મહેનત ઉપર પાણી ફરી વળ્યું હતું.પણ થોમસ તેની પાસે આવીને શાંતિથી કહ્યું, "તારી મમ્મી અને તારા મિત્રોને બોલાવ, આવા મોટા આગના ગોળાને જોવાની તક ફરી નહિ મળે!" દીકરાએ આશ્ચર્યથી પૂછ્યું," પણ અહીં તો તમારા આખા જીવનનું કામ ભળકે બળી રહ્યું છે!" થોમસે જવાબ આપ્યો," સારું થયું! મારી વર્ષોની ભૂલો પણ એની સાથે બળી ગઈ!" હવે નવેસરથી પ્રયોગો ચાલુ કરાશે. હજુ તો હું માત્ર સડસઠ વર્ષનો છું, હું આવતી કાલે ફરીથી આ બધું શરૂ કરીશ." અને ફરીથી તેમણે હળવા થઇ નવા પ્રયોગો ચાલુ કર્યા.


**<u>વિધાયક દૃષ્ટિકોણ રાખો</u>**

# કૃષ્ણ અને કાલિયા નાગ

એક દિવસ, યમુના કિનારે, બાળ કૃષ્ણ એમના મિત્રો જોડે દડો રમતા હતા. દડો ભૂલ થી યમુના નદીમાં પડી ગયો. આ યમુના નદીમાં કાલીયાનાગ તેમના કુટુંબ સાથે રહેતા હતા અને પોતાનું ઝેર પાણીમાં ઓકતા હતા તેથી યમુનાનું પવિત્ર પાણી ઝેરી બની ગયું હતું! બધા કાલીયાનાગથી ડરતા હતા તેથી કોઈ તેમને કહી શકતું નહિ કે આવું ના કરાય. કૃષ્ણ વીર અને સ્પષ્ટ વક્તા હતા



અને સાચી વાત કહેવામાં વળી શો ડર? દડો પાણીમાં ગબડવાથી બીજા છોકરાઓ યમુના કિનારે ઉભા વિચાર કરતા હતા કે હવે શું કરીશું?! ત્યાંજ ધબકો સંભળાયો અને જોયું તો કૃષ્ણ બહાદુરીથી ડૂબકી મારી યમુનાના કાળા પાણીમાં અદ્રશ્ય થઇ ગયા. શ્વાસ રોકીને તે કાલીયા નાગના રાજ્યમાં ઝડપ થી પહોંચ્યા અને કાલીયાનાગ ને કહ્યું," તમે અહીં થી બીજે ચાલ્યા જાઓ. અહીં નાના બાળકો રમે છે તો અમારો દડો પાછો આપો જેથી બાળકો રમત-રમતા બળવાન થાય. કાલીયાનાગ આ સાંભળીને હસ્યા અને કહ્યું કે," તું તો નાનું બાળક છો અને હું ઘણો મોટો અને બળવાન છુ, તું જ અહીં થી ચાલ્યો જા!"



કૃષ્ણએ કાલીયાનાગને સમજાવા ખૂબ પ્રયત્ન કર્યો પણ કાલીયાનાગે અહંકારથી ફુંકારો કરી કૃષ્ણ ને લલકાર્યા. કૃષ્ણએ આત્મવિશ્વાષથી અને બહાદુરીથી નાગને હરાવ્યો. બીજી બાજુ કૃષ્ણ નદીમાં કૂદ્યાના સમાચાર સાંભળીને યમુના નદીને કિનારે બધા ગોકુલગામના લોકો તેમનું કામ છોડીને, દોડતા આવ્યા અને શું કરવું તે વિચારતા હતા; ત્યાં કૃષ્ણ કાલીયા નાગના ફેણ પર નાચતા-નાચતા બહાર આવ્યા. કૃષ્ણના કહેવાથી કાલીયાનાગ પરિવાર સાથે યમુના છોડી સમુદ્રમાં રહેવા ચાલ્યા ગયા અને ત્યાર પછી ગામના છોકરાઓ ભેગા મળી ડર્યા વગર, નદી કિનારે રમત રમી શકતા .

**<u>તમારી પાસે ખૂબ શક્તિ છે, ડરતા નહિ!</u>**

દડો

રાજા ઉત્તાનપાદને બે રાણી સુનીતિ અને સુરુચિ. માનીતી રાણી સુરુચિ નો પુત્ર ઉત્તમ અને બીજી રાણી સુનીતી નો પુત્ર ધ્રુવ.એક દિવસ ધ્રુવ રાજાના ખોળામાં બેસીને રમતો હતો. સુરુચિને આ ના ગમ્યું તેથી ધ્રુવને ખોળામાંથી ઉતારીને સુરુચિ ધ્રુવને કહે કે," રાજા ના ખોળામાં બેસવું હોય તો મારા ખોળે જન્મ લેવો પડે."ધ્રુવ રડતો રડતો તેના માતા સુનીતિની પાસે ગયો. સુનીતિએ ધ્રુવને સમજાવ્યું કે "રાજા ઉત્તાનપાદ તેના જન્મદાતા પિતા છે, પણ જગત બનાવનાર ભગવાન પણ તેના જ જન્મદાતા છે." ધ્રુવે આ સાંભળીને નક્કી કર્યું કે તે ભગવાનના ખોળામાં બેસશે ! ભગવાનને પ્રસન્ન કરવા તે વનમાં તપ કરવા લાગ્યો. તે રોજ સવારે નદીમાં સ્નાન કરીને પ્રાર્થના કરતો. પછી બધા પાસે જઈને ભગવાનના પ્રેમ વિષે સમજાવતો. આવું કરતા કરતા ઘણા વર્ષો વીત્યા. આખરે ભગવાન ખુશ થયા અને ધ્રુવ ને મળવા આવ્યા. ભગવાને કહ્યું," ધ્રુવ, તુંજ મારો સાચો પુત્ર છે અને મારે ખોળે બેસવાનો હક્કદાર છે." આજે પણ રાત્રે આકાશમાં સહુથી ચમકતા તારાને આપણે ધ્રુવનો તારો કહીએ છે.




**<u>ભગવાન નું કામ તેજ તપ</u>**

ન ન

# નાતાલની ભેટ

એક ખ્રિસ્તી દંપતી ગરીબ હતાં પણ એકબીજા ઉપર ખૂબ સ્નેહ રાખતા .એકબીજાના સથવારે થોડા માં પણ ખુશ રહેતા . બન્નેને એકબીજા ઉપર ખૂબ પ્રેમ! નાતાલ વખતે રિવાજ મુજબ પત્નીને તેના પતિને ભેટ આપવી હતી પણ તેની પાસે પૈસા ન હતા. મૂડીમાં ભગવાને આપેલ દિલેર દિલ અને લાંબા અને સુંદર વાળ હતા. વાળ તે ગર્વથી ખુલ્લા રાખી ફરતી. તેના વાળનું સૌંદર્ય બધાને



મોહિત કરતું. પત્નીને યાદ આવ્યું કે તેના પતિને જાગીરમાં મળેલ ઘડિયાળનો પટ્ટો તૂટી ગયો હોવાથી તે પહેરી શકતા નથી. ખૂબ વિચારી પત્નીએ વાળ વેચી પતિ માટે  ઘડિયાળનો નવો પટ્ટો ખરીદવાનું નક્કી કર્યું. બીજી બાજુ પતિને પણ પત્ની માટે કંઈક લેવું હતું, પણ પતિ પાસે પણ મૂડીમાં માત્ર બાપની આપેલ ઘડિયાળ જ હતી જે તેને ખૂબ ગમતી. પતિ પોતાની પ્રિય ઘડિયાળ વેચી પત્ની માટે સુંદર બક્કલ લઇ આવ્યો. નાતાલના દિવસે બન્નેએ એક બીજાને ભેટ આપી.  ભેટ જોઈ બન્ને હસવા લાગ્યા! કારણકે પતિ પાસે નવો પટ્ટો લગાડવા ઘડિયાળ ન હતું અને પત્ની પાસે બકલ લગાડવા માટે લાંબા વાળ ન હતા. આ નાતાલે તેમને યાદ કરાવ્યું કે તેમનો પ્રેમ એજ સૌથી કિંમતી ભેટ છે!

**<u>જીવન માં પ્રેમનું જ મહત્વ છે</u>**

ન ન

પુષ્પદંત એક મહાન કવિ હતા. તેમને મહિમ્નસ્તોત્ર નામનું કાવ્ય લખ્યું, જેમાં પોતે શિવ ભગવાનનો ગુનો કરેલો તેનું વર્ણન છે . બધાને તે કાવ્ય ખૂબ ગમ્યું, શિવ ભગવાને પણ પુષ્પદંતના વખાણ કર્યા! પુષ્પદંત આ વખાણ પચાવી ના શક્યા. તેમને અભિમાન થયું કે પોતે



દુનિયાના સૌથી સારા કવિ છે! આ જોઈને શિવ ભગવાને પુષ્પદંતને કહ્યું," પુષ્પદંત, તને ખબર હશે કે મારા મંદિરમાં નંદી છે. તું નંદીના મોઢાની અંદર જોઈને આવ!" પુષ્પદંત મૂંઝાયા પણ ઇષ્ટદેવે આજ્ઞા કરી છે તેથી તે નંદી પાસે ગયા અને નંદીના મોઢાની અંદર જોયું. જોઈને તે આશ્ચર્યચકિત થઇ ગયા! નંદીના દાંત ઉપર પુષ્પદંતે લખેલી કવિતા હતી! હવે પુષ્પદંતને સમજાયું કે પોતે આ કાવ્ય લખ્યું પણ તેની પાછળ ભગવાનની શક્તિ અને પ્રેમ છે. સાચો લેખક તો ભગવાન છે, તે માત્ર નિમિત્ત હતો.

**<u>આપણે ભગવાનનાં સાધન બનીએ</u>**

# કાણાં વાળી ડોલ


એક યુવતી બે ડોલ લઈને દરરોજ કૂવામાં પાણી લેવા જતી. એક ડોલમાં કાણું હતું તેથી ઘરે પહોંચતા સુધીમાં ડોલ ખાલી થઇ જતી. તેની નાની બહેન રોજ આ જોતી. એક દિવસ તેણે પૂછ્યું," મોટી બહેન, તમે કેમ રોજ આ નકામી કાણાં વાળી ડોલ લઇ જાઓ છો!" યુવતીએ  તેની નાની બહેન ને કહ્યું, "મારી જોડે ચાલ તો રહસ્ય તને સમજાઈ જશે" બન્ને બહેનો સાથે ચાલી નીકળ્યા. નાની બહેને જોયું કે રસ્તા ઉપર  સુંદર ફૂલ ઉગેલા હતા. નાની બહેન કહે," આ તો ખૂબ સુંદર રસ્તો થઇ ગયો. આવી સરસ માવજત કોણ કરે છે?" મોટી બહેન સમજાવ્યું, "આ ફૂલ રસ્તામાં ઉગ્યા છે કારણકે કાણું હોવાથી પેલી "નકામી" ડોલ માંથી પાણી ટપક્યા કરે જેનાથી બીજ ફૂટીને છોડ થયા અને હવે ફૂલ ઉગ્યા!  ઘણી વાર વસ્તુની કિંમત નક્કી કરવી મુશ્કેલ હોય છે."

**<u>કેટલીક ચીજોનું મૂલ્ય નક્કી કરવું મુશ્કેલ છે</u>**


બ બ

# બતક અને હંસ

એક તળાવમાં બતક દંપતી રહેતું હતું. મમ્મી બતક પાસે પાંચ ઈંડા હતા. તે સવાર સાંજ તેમની સંભાળ રાખતા અને બચ્ચા ઈંડુ તોડીને કયારે બહાર આવે તેની રાહ જોતા. પાંચ માંથી એક ઈંડુ બીજા કરતા થોડું મોટું હતું. આખરે ઇંડામાંથી બચ્ચાઓએ બહાર નીકળવાનું શરૂ કર્યું. ચાર નાના



ઈંડામાંથી પીળા રંગના બચ્ચા ઝટપટ બહાર આવ્યા. પછી સૌથી મોટા ઈંડામાં તિરાડમાંથી એક નાની ચાંચ દેખાઈ. ત્યાર બાદ ધીરેથી બચ્ચું બહાર આવ્યું. આ બચ્ચા ને જોઈને મમ્મી બતકને આશ્ચર્ય થયું કારણ કે બચ્ચું ભૂખરા રંગનું, જુદી ચાંચ વાળું, અને બીજા બચ્ચા કરતા ઘણું મોટું હતું. જ્યારે કે તેના બીજા ચાર બચ્ચાની ચાંચ મસ્ત કેસરી રંગની હતી.મમ્મી બતકે વિચાર્યું કે કંઇક ખોટું છે પણ છતાં તે બધા બચ્ચાનું સરખું ધ્યાન રાખતી. હવે છોકરાઓ મોટા થવા લાગ્યા પણ ભૂખરા રંગના બચ્ચાની તેના ભાઈયો મઝાક ઉડાવતા કારણ કે તે જુદો તો દેખાતો જ હતો, પણ તે તરતો પણ અલગ રીતે અને ખાતો પણ અલગ રીતે. આમ ભૂખરું બચ્ચું એકલું પડી ગયું. પછી, એક દિવસે તેણે સાંભળ્યું કે તેમના તળાવમાં સુંદર રાજહંસ સ્થળાંતર કરવા આવ્યા છે.




ભૂખરું બચ્ચું પણ તેમને જોવા ગયું તો આશ્ચર્યચકિત થઇ ગયું કારણકે તે હંસના બાળકો એકદમ તેના જેવા જ દેખાતા હતા! હવે તેને ખબર પડી કે તે બતક નથી, પણ હંસ છે અને તેમના જેટલું જ સુંદર છે!

**<u>દરેક વ્યક્તિ પોતાની રીતે સુંદર છે</u>**

બ બ

# ભીમ અને હનુમાન

પાંચ પાંડવોમાં ભીમ સૌથી શક્તિશાળી હતા. એ વાયુના પુત્ર હતા. એક દિવસ તે વનમાં ફરતા હતા ત્યાં રસ્તામાં એક વૃદ્ધ વાનરની પૂંછડી આડી આવી. ભીમે અભિમાનથી કહ્યું," અરે વાનર! તને ખબર નથી કે હું કોણ છું? તારી પૂંછડી રસ્તામાંથી હટાવ! મને આડી આવે છે." વાનરે ધીમેથી માથું ઊંચું કરીને કહ્યું, "હું તો વૃદ્ધ વાનર છું અને તમે તો બહુ શક્તિશાળી છો તો મને મદદ કરવા




મારી પૂંછડી હટાવશો?" ભીમે અભિમાનથી હસીને કહ્યું,"હું તો મોટા પર્વત પણ ઘડીકમાં હટાવી દઉં, તો વળી આ પૂંછડીની શી વસાત ? જુઓ!" એમ કહીને તે નીચો નમ્યો અને પૂંછડી હઠાવવાનો પ્રયત્ન કર્યો પણ તે પૂંછડી જરા પણ ખસેડી શક્યો નહિ. તેને ખૂબ જોર લગાવ્યું તો પણ પૂંછડી હાલી નહિ. આખરે તે થાકી ગયો અને હતાશ થઇ તેણે વાનર ને પૂછ્યું કે "તમે કોણ છો? તમે તો મારા કરતા પણ શક્તિશાળી છો!" વાનરે કહ્યું,"આપણે બંને ભાઈઓ છીએ. હું પણ વાયુનો પુત્ર હનુમાન છું." ભીમ તેમના પગે પડ્યો અને ક્ષમા માંગી. હવે હનુમાન ઉભા થયા અને કહ્યું કે, "ભીમ, તું શક્તિશાળી તો છે, પણ તારી પાસે શક્તિ કોની દેન છે તે ભૂલતો નહિ. ભગવાને તને શક્તિ આપી છે તેથી અભિમાની ના બનતા, નમ્રતાથી શક્તિનો ઉપયોગ બીજાને મદદ કરવા માં વાપર." ભીમ સમજી ગયો અને હનુમાને નમસ્કાર કર્યા.


**હંમેશા યાદ રાખો કે શક્તિ ભગવાન તરફથી મળે છે તેથી નમ્ર રહો**

મ ગજેન્દ્ર મોક્ષ મ

ગજેન્દ્ર હાથીઓના રાજા હતા. તે રોજ સવારે ઉઠીને નદીમાં સ્નાન કરવા જતા. નદી માંથી કમળ લઈને ભગવાન વિષ્ણુને ધરાવતા ત્યાર પછી એમનું દિવસનું કામ ચાલુ કરતા. એક દિવસ જ્યારે તે નદીમાં ન્હાવા ગયા, ત્યારે સુંદર જામલી રંગનું કમળ જોયું. મારા વિષ્ણુ ભગવાનને આ કમળ ગમશે આમ વિચારી સૂંઢથી કમળ ચૂંટ્યું, ત્યાંજ અચાનક એક મગરે તેમની પગ પકડી લીધો. ગજેન્દ્રે ખૂબ કોશિશ કરી પણ પોતાને મગરની પકડમાંથી મુક્ત કરી શક્યા નહિ. કલાકો ગયા અને આખરે ગજેન્દ્ર બહુજ થાકી ગયા છતાં પણ પ્રભુ ને અર્પણ કરવા કમળ પકડી રાખ્યું. અંતે જ્યારે તે અતિશય થાકી ગયા અને હવે જરા પણ શક્તિ બાકી ના રહી ત્યારે



તેમણે કમળ ને થોડુંક ઉંચુ કર્યું અને ભગવાન ને અર્પણ કરતા તે પાણીમાં ડૂબવા લાગ્યા. અચાનક જ મગર ની પકડ ઢીલી થઇ અને હાથીનો પગ મગરના મોઢા માંથી છૂટ્યો. જાણે કે ભગવાને ગજેન્દ્ર ને બચાવ્યો! ગજેન્દ્રને લાગ્યું કે જાણે ભગવાને તેનું માથું ચૂમ્યું અને કહ્યું કે “તું મારો સાચો દીકરો છે. તારી પાસે આટલી મોટી સમસ્યા આવી તો, તે પ્રથમ પોતાની બધી શક્તિ વાપરીને છૂટવાનો પ્રયત્ન કર્યો અને છેલ્લે પણ મને આપવા નક્કી કરેલું કમળ છોડ્યું નહિ!” થાકેલો ગજેન્દ્ર ભગવાને સામે જોઈને હસ્યો અને કમળ એમના ચરણ પાસે ધરાવ્યું.



**<u>ભગવાને આપેલી શક્તિ વાપરીને પ્રાર્થના કરશો તો ભગવાન જરૂર મદદ આપશે</u>**

મ મગર મ

ય # નચિકેત અને યમદેવ ય


વાજશ્રવસ સાચા બ્રાહ્મણ હતા. તે ભગવાનનું કામ કરતા હતા. એક દિવસ તેમને સર્વ દક્ષિણા યજ્ઞ કરવાનું નક્કી કર્યું અને પોતાની બધી વસ્તુ દાનમાં આપી દીધી. હવે ખાલી એક પાતળી, દુબળી ગાય જ બાકી હતી. તેનો દીકરો બહારથી આવ્યો તો જોયું કે તેના પપ્પા મડદાલ ગાય કોઈને આપતા હતા. નચિકેતને લાગ્યું કે પપ્પા કદાચ પુત્રમોહથી સંપત્તિ બચાવવા આવી ગાય દાનમાં આપશે તો પાપ લાગશે, કારણકે દાનમાં હંમેશા સારી વસ્તુ આપવાની હોય. તેને ખબર ન હતી કે વાજશ્રવસ પાસે બીજું કશું દાનમાં આપવા માટે બાકી રહ્યું ન હતું. નચિકેતે પપ્પાને પૂછ્યું, "પપ્પા મને કોને દાનમાં આપશો?" વાજશ્રવસે તેને જવાબ ન આપતા નચિકેતે ફરી આ પ્રશ્ન પૂછ્યો તેથી કંટાળીને વાજશ્રવસ કહે, "તો જા! હું તને યમદેવને આપું છું!" આ સાંભળીને નચિકેત ખુશીથી યમદેવ પાસે જવા નીકળ્યો. વાજશ્રવસે તેને રોકાવા પ્રયત્ન કર્યો પણ નચિકેતે કહ્યું, "તમે મને યમરાજને આપ્યો છે, હવે આપેલી વસ્તુ પાછી ના લેવાય" અને યમમાર્ગે ચાલવા લાગ્યો. રસ્તામાં તેને બીજા માણસો મળ્યા જે ભય અને અગતિક થઇ યમદેવ પાસે જતા હતા. પણ તેજસ્વી નચિકેત નિર્ભય હતો અને ગૌરવથી માથું ઉંચુ રાખીને યમદેવના ઘરે પહોંચ્યો. તેણે દરવાજો ખટખટાવ્યો. યમદેવની પત્નીએ દરવાજો ખોલ્યો. નચિકેતે કહ્યું, "હું યમદેવને મળવા આવ્યો છું." પત્નીએ કહ્યું, " એ બહારગામ છે, ત્રણ દિવસ પછી આવશે" અને દરવાજો બંધ કર્યો. નચિકેતે ઘરની બહાર ત્રણ દિવસ માટે રાહ જોવા ધામા નાખ્યા. ત્રીજા દિવસે યમદેવ આવ્યા. તેમને આશ્ચર્ય થયું કે આવો તેજસ્વી છોકરો તેમના દરવાજે વગર બોલાવે બેઠો છે! યમદેવ ને પછી ખબર પડી કે નચિકેત ત્રણ દિવસથી ખાધાપીધા વગર રાહ જુવે છે. તેમણે પત્નીને સમજાવ્યું, "ત્રણ દિવસથી આપણે આંગણે અતિથિ ભૂખ્યો બેસે તે સારું ના કહેવાય. આપણે મહેમાનનું ધ્યાન રાખવું જોઈતું હતું." નચિકેતની માફી માંગી યમદેવે કહ્યું, " નચિકેત, તું ત્રણ દિવસ મારે આંગણે હેરાન થયો તેથી મારા કલ્યાણ માટે તું ત્રણ વરદાન માંગ. તું જે માંગીશ તે હું આપીશ!" નચિકેતે જવાબ આપ્યો, "મને કશું નથી જોઈતું." યમદેવે ખૂબ આગ્રહ કર્યો તો નચિકેતે કહ્યું, "પહેલું વરદાન આપો કે મારા પપ્પા મારા ઉપર ગુસ્સે ના રહે અને તેમને શાંતિ મળે." યમ હસીને કહ્યું, " માં-બાપ કોઈ દિવસ દીકરા ઉપર ગુસ્સે ના જ રહે! પણ હા! આવું થશે." પછી નચિકેતે અગ્નિવિદ્યાનું જ્ઞાન માંગ્યું અને યમદેવે પ્રેમથી નચિકેતને અગ્નિવિદ્યા શીખવાડી. છેલ્લે નચિકેતે આત્મજ્ઞાન માંગ્યું. યમદેવ હવે દ્વિધામાં પડ્યા કારણકે આત્મજ્ઞાન થી માણસ મૃત્યુને ઓળંગી જાય અને યમદેવતાનું અસ્તિત્વ ભયમાં પડે! તેથી યમે કહ્યું, "તું તો હજુ નાનો છે, બીજું કશુંક માંગ! હું તને ઢગલો પૈસા આપું" પણ નચિકેત અડગ હતા. "મને આત્મજ્ઞાન જ જોઈએ." આખરે યમદેવ માની ગયા અને નચિકેત ને આત્માજ્ઞાન આપ્યું!

**<u>નચિકેત જેવા તેજસ્વી અને નિર્ભય બનો</u>**

ય યમદેવ ય

# રામદાસ સ્વામી

રામદાસ સ્વામી એક દિવસ તેમના શિષ્ય શિવાજી મહારાજને મળવા આવ્યા. શિવાજી મહેલમાં બાંધકામ કરતા હતા અને હજારો લોકોને તેનાથી રોટી મળતી હતી તેથી ગૌરવથી ગુરુ રામદાસને કહ્યું, “ જુઓ ગુરુજી! હું બધાનું કેટલું સરસ ધ્યાન રાખું છું!” આ સાંભળીને રામદાસ સ્વામીએ




શિવાજીને કહ્યું, “તમને પેલો ગોળ પથ્થર દેખાય છે? તમારા સૈનિકો આ પથ્થર તોડી શકે?” શિવાજીએ તેના સૈનિકોને આજ્ઞા આપી કે ગોળ પથ્થર તોડે. સૈનિકોએ મહેનત થી પથ્થર તોડ્યો અને તેની અંદરથી દેડકો કૂદકો મારી બહાર નીકળ્યો! આ જોઈ બધા આશ્ચર્યચક્તિ થયા! રામદાસ સ્વામીએ શિવજીને પૂછ્યું, “શિવાજી, તમે આ દેડકાનું પણ ધ્યાન રાખતા હશો, કેમ?” શિવાજી સમજી ગયા અને ગુરુને પગે લાગીને કહ્યું, “ભગવાન બધાનું ધ્યાન રાખે છે, હું તો માત્ર નિમિત્ત છું!”

**<u>નમ્રતા રાખો, ભગવાન તમારી સાથે છે</u>**

લ લ

# લોખંડ ની કુહાડી

એક ગરીબ માણસ રોજ પોતાની કુહાડી લઈને વનમાં લાકડા કાપવા જતો. તે પોતાનું જીવનનિર્વાહ લાકડું વેચીને કરતો. રોજની મેહનત પછી માંડ બે ટંક ખાવાનું મળતું પણ તે ખુશ રહેતો. એક દિવસ ભૂલથી તેની લોખંડની કુહાડી નદીમાં પડી ગઈ. હવે તેને મૂંઝવણ થઇ કે કુહાડી વગર તે કેવી રીતે પૈસા કમાવશે અને તેના પરિવાર નું પાલન કેવી રીતે કરશે? એ નદી કિનારે



બેસીને રડતો હતો ત્યાં સદભાગ્યે એક દેવદૂતે આ રુદન સાંભળ્યું અને તે મદદ કરવા આવ્યો. દેવદૂતે પાણીમાં ડૂબકી લગાવી અને સોનાની કુહાડી લઇ આવ્યો. પણ માણસે ના પાડીને કહ્યું કે,"આ મારી કુહાડી નથી!" દેવદૂતે વળી ડૂબકી મારી અને આ વખતે ચાંદીની કુહાડી લઇ આવ્યો. માણસે કહ્યું કે આ પણ તેની કુહાડી નથી. છેવટે દેવદૂત પાછા ડૂબકી મારી ને લોખંડની કુહાડી લઇ આવ્યો. માણસે ખુશ થઇ પોતાની કુહાડી લીધી અને નમસ્કાર કરીને ઝાડ કાપી લાકડા ભેગા કરવા લાગ્યો. દેવદૂત માણસની પ્રામાણિકતાથી પ્રભાવિત થયો અને પૂછ્યું કે "સોનાની અને ચાંદીની કિંમતી કુહાડી તે કેમ ના લીધી?" માણસે કહ્યું કે મફતમા મળેલી સોનાની કે રૂપાની કુહાડી મારા કામની નથી. હું મારી લોખંડની કુહાડીથી મારુ કામ કરી મારા પરિવારનું પોષણ કરી શકું છું , તો મફત નું શા માટે લેવું? આ જવાબ સાંભરીને દેવદૂત ખુશ થયા અને સોના અને ચાંદી ની કુહાડી ભેટમાં આપી.


**<u>પ્રમાણિક બનો અને તમારી પાસે જે છે તેનાથી ખુશ રહો</u>**

લ લ


લોખંડ

વ વાંદરા અને ટોપીઓ વ

એક માણસ ટોપી વેચવા નવા ગામમાં જતો હતો. ઉનાળાની ગરમી હતી એટલે બપોરે આરામ કરવા ઝાડની નીચે બેઠો અને ટોપીની થેલી બાજુમાં મૂકી. આ જોઈ તે ઝાડ ઉપર રહેતા અટકચાળા વાનરો ઝટપટ ઝાડથી નીચે ઉતારીને ટોપીઓ લઇ ,એકબીજાના માથે ફેંકવા લાગ્યા. વાનરોની કિલકિલાટ સાંભળીને માણસે જોયું તો તેની બધી ટોપીઓ ગાયબ! ટોપીઓ પાછી



મેળવવા માણસ તેમની પાછળ ભાગ્યો પણ વાનરો ઝાડ ઉપર ચડી ગયા. માણસે ખૂબ પ્રયત્ન કર્યો પણ ટોપી પાછી ના મળતા ઉદાસ થયો કારણકે આ તેની




આજીવિકા હતી. શું કરવું તે વિચારતા વિચારતા તેણે માથું ખંજવાળ્યું, તો નકલ કરતા વાંદરાઓએ પણ માથું ખંજવાળ્યું. હવે માણસને તુક્કો આવ્યો અને તેણે પોતાની ટોપી જમીન ઉપર ગુસ્સાથી ફેંકી. વાંદરાઓ પણ તેની નકલ કરી બધી ટોપીઓ નીચે ફેંકી. માણસે ઝડપથી તેની ટોપીઓ ઉપાડી અને ત્યાંથી ભાગી નીકળ્યો.

**<u>કુનેહ થી સમસ્યાનો ઉકેલ શોધી શકાય છો</u>**

સ સ

# સિંહ અને ઊંદર

એક વાર સિંહ શાંતિથી સૂઈ રહ્યો હતો, ત્યારે એક નાનું ઊંદર તેના ઉપર ચડીને રમવા લાગ્યો.



ગલીપચી થવાના કારણે સિંહ જાગી ગયો અને ત્વરા થી સિંહે ઊંદરને પકડી લીધો. ઊંદરે માફી માંગી અને કહ્યું, “જો તમે મને આજે છોડશો તો હું તમારો ઋણી બનીશ અને એક દિવસ હું તે ઋણ ચૂકવીશ” સિંહ હસીને કહ્યું, “તું તો કેવી મઝાક કરે છે. આવો નાનકડો ઊંદર કેવી રીતે મને મદદ કરશે” છતા સિંહે ઊંદરને માફ કર્યો અને તેને જવા દીધો.

થોડાક દિવસ પછી સિંહ એક શિકારીની જાળીમાં ફસાઇ ગયો. તેણે પોતાને મુક્ત કરવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ તે જાળી માંથી બહાર નીકળી શક્યો નહિ. ઊંદરે સિંહનું ગર્જન સાંભળ્યું અને દોડતો આવ્યો. ઊંદરે પોતાના દાંતથી જાળીને કાતરી નાખી અને સિંહને છોડાવ્યો. સિંહે એ દિવસ થી નક્કી કર્યું કે તે પ્રાણીના કદથી તેની ક્ષમતા માપશે નહિ.




**<u>નાનો ઉંદર પણ મોટા સિંહને મદદ કરી શકે છે</u>**


સ સ

શ શ

# સૂર્ય અને વાયુ



એક દિવસ સૂર્ય અને વાયુ વાત કરતા હતા. વાયુ ગર્વ થી કહે કે, “હું તમારા કરતા વધારે શક્તિશાળી છુ! મારો પવન દરિયોને પણ હલાવે છે!” સૂર્યે માત્ર હસ્યા. ત્યાં વાયુએ એક માણસને રસ્તા ઉપર ચાલતા જોયો. તે લાલરંગની શાલ પહેરીને ચાલતો હતો. વાયુએ કહ્યું, “ચાલો આપણે જોઈએ કે આપણામાંથી કોણ આ માણસની શાલ ઉતારી શકે છે.” વાયુ પેહલો ગયો. તેણે બહુ જોરથી પવન ફૂંક્યો. આજુબાજુના ઝાડ ધ્રુજવા લાગ્યા અને વાતાવરણ ખૂબ ઠંડુ થયુ. પરંતુ, જેમ જેમ ઠંડક વધતી ગઈ તેમ તેમ માણસ વધારે જોરથી પોતાની શાલને પકડી રાખી. અંતે વાયુ થાકી ગયો. પછી સૂર્યનો વારો આવ્યો. તેને પોતાનું તાપમાન વધારવા માંડ્યું. જેમ જેમ ઉષ્મા વધતી ગઈ તેમ તેમ માણસને પરસેવો આવવા માંડ્યો અને આખરે થાકીને માણસે શાલ ફેંકી દીધી. આમ સૂર્ય શરત જીતી ગયો! પછી સૂર્યએ વાયુને સમજાવ્યું કે માણસને જબરજસ્તીથી બદલવાનું અઘરું છે. તેના કરતા તેને પ્રેમ અને હૂંફ આપો તો માનવ તેની મેળે જ બદલાશે!



**<u>સૂર્યની જેમ, તમારી હૂંફ અને તેજ બીજા ને આપો</u>**

શ શ

શાલ

# સુંદર હાર



એક છોકરી પાસે સુંદર ગળાનો હાર હતો. હાર માં ષટ્કોણ આકારના મણિ હતા. તેને એ હાર બહુજ ગમતો. તે રોજ હાર પહેરીનેજ બહાર જતી અને સાંજે સુતા પહેલા હારને સાફ કરીને ડબ્બામાં મૂકીને સુઈ જતી. એક દિવસ છોકરી જ્યારે સવારે ઉઠી, ત્યારે તેને હાર નો ડબ્બો ના



દેખાયો. ખૂબ શોધ્યું પણ હાર કે ડબ્બો ના મળ્યો તેથી ઉદાસ થઇ તે રડવા માંડી. તેના પપ્પા નાસ્તા માટે રાહ જોઈ થાક્યા અને તેને બોલાવવા આવ્યા ત્યારે છોકરી ને ઓરડામાં બેસી રડતી જોઈ. રડવાનું કારણ ખબર પડતા પપ્પાએ તેને ખોળામાં લઇને સમજાવ્યું કે," દીકરી, તારો હાર સરસ હતો પણ મને વિચાર આવે છે કે શું તારાથી વિખુટા પડીને આ હાર પણ રડતો હશે?" છોકરીએ રડવાનું બંધ કરીને હસીને કહ્યું કે પપ્પા, "હાર કેવી રીતે રડે?" હવે પપ્પાએ સમજાવતા કહ્યું કે,"હાર જો તારા માટે રડતો ના હોય તો તું હાર માટે કેમ રડે છે?" વસ્તુ માટે રડવાનું નહિ. તારા આંસુ બહુ કિંમતી છે!

**<u>વસ્તુ માટે રડવું નહિ</u>**

# સૌથી સુંદર હાથ

એક પ્રવાસી ગામમાં આવ્યો. તેની પાસે હીરાની સુંદર વીંટી હતી. તેને ગામના લોકોને કહ્યું," હું આ વીંટી , જે છોકરીનો સૌથી સુંદર હાથ હશે તેને આપીશ." આખા ગામની છોકરીઓ ઘરે જઈને





પોતપોતાની રીતે તેમના હાથ સુંદર કરવાનો પ્રયત્ન કરવા લાગી. કોઈએ સુગંધિત ફૂલ તેના હાથ ઉપર ઘસ્યું તો, વળી કોઈએ મહેંદી લગાડી, તો કોઈ મલાઈની માલિશ કરી હાથને મુલાયમ બનાવવાનો પ્રયત્ન કરતી દેખાઈ. આ ગામમાં એક ગરીબ કુટુંબ રહેતું હતું. તેમની મોટી દીકરી હંમેશા તેના માં - બાપ ને ખેતરમાં મદદ કરતી. માએ તેને આજે ખેતરમાં કામ કરવાની ના પાડી અને કહ્યું કે બીજી બધી છોકરીઓની માફક તું પણ હાથની માવજત કર! ડાહ્યી દીકરી કહે," એવું તો કેમ બને કે મારા માં બાપ આટલી મહેનત કરે અને હું શરીર ના ઠઠ્ઠા કરું?" બીજા દિવસે પ્રવાસીએ બધી છોકરીઓના હાથ જોયા પણ તે પ્રભાવિત ન થયા. છેવટે તેણે પૂછ્યું," બધી ગામ ની છોકરીઓ અહીંયા આવી ગઈ?" ત્યારે જવાબ મળ્યો કે એક છોકરી આવી ના શકી કારણકે તે ખેતરમાં કામ કરે છે. પ્રવાસી સામે ચાલીને ખેતરમાં ગયો અને છોકરીને કહ્યું કે "તારા હાથ બતાવીશ?" છોકરી તેના કપાળનો પરસેવો લૂછીને માટીવાળા હાથ બતાવ્યા. પ્રવાસીએ કહ્યું, "આ હાથ ઉપર કણી પડેલી છે, પણ આ જ સૌથી સુંદર હાથ છે! આ કહીને પ્રવાસીએ વીંટી છોકરી ને આપી.

**<u>મહેનત થી ઘસાઈને સુંદર બનો</u>**

# સફેદ અને કાળો વાદળ

એક સફેદ વાદળ હતુ. તે સુંદર હતુ પણ તેને પોતાના રૂપનું અભિમાન હતુ. તેને ખબર મળી કે ભગવાનના દરબારમાં એક જગ્યા ખાલી પડી છે. તે જગ્યા લેવા માટે આતુર થઇ ઝડપથી આકાશમાં ઊંચે જવા લાગ્યો, ત્યારે રસ્તામાં એક કાળો વાદળ પૃથ્વી તરફ નીચે જતા દેખાયો. તેણે હસીને કીધું, “શુ કરો છો? તમે સ્વર્ગ તરફ જવાને બદલે કેમ નીચે જાવ છો?” પણ નાના કાળા વાદળનું ધ્યાન તો જમીન ઉપરના તરસ્યા પ્રાણિયોં ઉપર હતું તેથી તેણે ના સાંભળ્યું. “ચાલ એક હરીફ ઓછો” કહી ખુશ થતો સફેદ વાદળ સ્વર્ગના દરવાજા સુધી પહોંચ્યો પણ ચોકીદારે વાદળને રોકીને કહ્યું કે, “તારે રાહ જોવી પડશે કારણકે હવે સ્વર્ગ માં જગ્યા નથી.” સફેદ વાદળએ જોયું તો પેલો નાનો કાળો વાદળ સ્વર્ગમાં રમતો હતો! સફેદ વાદળ વિસ્મિત થઇને કહ્યું, “અરે આ કાળો વાદળ કેવી રીતે મારી આગળ અહીં પહોંચ્યો? ચોકીદાર સમજાવ્યું કે કાળુ વાદળ એનું બધું પાણી તરસ્યા પ્રાણીઓ ને આપવા જમીન ઉપર ગયેલો તેથી અમે તેને સોનિક વિમાન મોકલી અહીં બોલાવ્યો. ભગવાન પાસે જવું હોય તો તેમના નિમિત્ત બનવું પડે. સફેદ વાદળ સમજી ગયો અને ખુશ થતો પૃથ્વી તરફ પાછો વાળ્યો અને નક્કી કર્યું કે હું પણ ભગવાનનું કામ કરીને, તેમનો હાથો થઇ બધાને મદદ કરીશ અને જયારે ભગવાન બોલાવશે ત્યારે અહીં પાછો આવીશ.






**ભગવાન નજીક જવું હોય તો નિમિત્ત બનવું પડે.**

# અર્જુન અને ચકલી

દ્રોણાચાર્ય ક્ષત્રિય રાજપરિવારના શિક્ષક હતા. એક દિવસ તેમણે બધા કૌરવો અને પાંડવો ને



ભેગા કર્યા અને કહ્યું કે "આ ઝાડ માં એક લાકડાની ચકલી છે. તમે બધા એક પછી એક આવીને તેની આંખમાં બાણ મારવાનો પ્રયત્ન કરો. કૌરવો પહેલા ગયા. દુર્યોધન નિશાન સાધવા ધનુષ્ય પકડીને તૈયાર થયો. દ્રોણએ એને રોકાયો અને પૂછ્યું , "તને શું દેખાય છે?" દુર્યોધને કહ્યું," મને વન દેખાય છે, જેમાં ઝાડ છે, અને તેના ઉપર ચકલી બેઠી છે!" દ્રોણાચાર્યે તેને ધનુષ્ય ઉપર બાણ સંધાન કરવાની ના પાડી અને કહ્યું કે તું હમણાં રાહ જો. એક પછી એક બધા કૌરવો અને પાંડવો આવ્યા અને દ્રોણાચાર્યએ બધાને આજ સવાલ પૂછ્યો કે "તમને શું દેખાય છે?" અને બધાના જવાબ સાંભળીને એમને નિશાન સાધતા રોકાયા. છેવટે અર્જુનનો વારો આવ્યો. ગુરુ દ્રોણે પાછો સવાલ પૂછ્યો કે તને શું દેખાય છે? અર્જુને કહ્યું, "મને ફક્ત ચકલી ની આંખ દેખાય છે. દ્રોણાચાર્ય ખુશ થતા અર્જુનને નિશાન લેવાની આજ્ઞા આપી અને કહ્યું, "શાબાશ, બાણ છોડ!" અને અર્જુનનું તીર સરરર કરતુ સીધું ચકલીની આંખમાં અટક્યું. દ્રોણાચાર્યએ સમજાવ્યું કે હંમેશા જે પણ કામ કરો તે પૂરા ધ્યાન થી કરો, તો ચોક્કસ તમે વિજયી થશો.

**<u>ધ્યાન થી કામ કરો તો વિજયી થશો</u>**

# બ્રાહ્મણ પરિવારનો યજ્ઞ

એક ગામમાં ગરીબ બ્રાહ્મણ પોતાના કુટુંબ સાથે રહેતો હતો. તેમના કુટુંબમાં બ્રાહ્મણ પત્ની, તેનો છોકરો અને પુત્રવધુ હતા. ઘણાં દિવસ તેઓને ખાવા ન મળતું, તો બધા ભૂખ્યા રહેતા.

એક  નસીબદાર દિવસે, બ્રાહ્મણને ખોબો ભરીને અનાજ મળ્યું તો આનંદથી ખુશ થતો તે ઘરે



આવ્યો અને તેની પત્નીને અનાજ  રાંધવા  કહ્યું  કે," આજે આપણે બધા પેટ ભરીને સાથે જમશું." જ્યારે રસોઈ તૈયાર થઇ, તો કુટુંબ જમવા બેઠું ત્યારે જ કોઈએ દરવાજો ખટખટાવ્યો. બ્રાહ્મણે દરવાજો ખોલ્યો અને જોયું  કે  એક અજાણી વ્યક્તિ ઉભી હતી. બ્રાહ્મણે પોતાની થાળી અજાણ્યા માણસને આપી, જમવા બેસાડ્યો. તે  માણસે આખી થાળી સફાચટ કરી પણ હાજી તેણે હાથ ચાટતો જોઈ બ્રાહ્મણ પરિવારને લાગ્યું કે તે ભૂખ્યો છે. એક પછી એક બ્રાહ્મણ પત્ની, બ્રાહ્મણ ના દીકરા અને વહુએ પોતાના ભાગનું ખાવાનું અતિથિને આપ્યું. આખરે અજાણ્યો માણસ તૃપ્ત થયો. આમ આજે પણ પરિવારને ભૂખ્યા રહેવું પડ્યું પણ કોઈના મોઢા ઉપર અફસોસ ન હતો કારણ કે અજાણ્યો માણસ સંતોષથી જમીને તૃપ્ત થઇ ને ગયો હતો. તે રાત્રે બ્રાહ્મણના ઘરમાં એક નોળિયો આવ્યો અને તે આમ-તેમ આળોટતો હતો ત્યારે, તેના શરીરનો જે ભાગ જમીનને સ્પર્શ્યો તે ભાગ સોનાનો થઇ ગયો. આ જોઈને ડાહ્યા માણસે કહ્યું કે, "બ્રાહ્મણ! તમે અને તમારા પરિવારે આજે મોટું યજ્ઞ કર્યું છે!  જયારે તમારી પાસે ખૂબ હોય, ત્યારે આપવાનું સહેલું છે, પણ થોડું જ હોય ત્યારે તમે બધું જ આપ્યું , તેજ સૌથી મોટો યજ્ઞ કહેવાય."

**<u>સાચા યજ્ઞ માટે બલિદાનની જરૂર હોય છે</u>**